ભાવલિંગનું પ્રાધાન્ય

ડૉ૦ **ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા,** એમ. બી., બી. એસ.

'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે.'

આ ટંકોત્કીર્ણ વીરવાણીની ઉદ્‌ઘોષણા કરનારા મહાગીતાર્થ વીતરાગ મુનીશ્વર **મહર્ષિ આનંદઘનજી**નું સુભાષિત વચનામૃત છે કે :

'પરિચય પાતક ઘાતક સાધુ શું, અકુશલ અપચય ચેત.'

પાતક-ઘાતક સાધુનો પરિચય

પાતકનો—પાપનો ઘાત—નાશ કરે, પાપ-દોષને હણી નાખે એવા સાચા સાધુ પુરુષનો પરિચય થાય તો ચિત્ત અકુશલ ભાવના અપચયવાળું (ન્યૂનતાવાળું) બને અને પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય. પ્રાપ્ત હોય તેની પાસેથી પ્રાપ્તિ થાય. ઐશ્વર્યવંત હોય તે દારિદ્ર્ય ફેડે. 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' જેને પ્રવચનવાણી પ્રાપ્ત હોય અર્થાત્ આત્મપરિણામ પામી હોય, એવા 'પ્રાપ્ત' પરિણત ભાવિતાત્મા સાધુપુરુષ જ તેની પ્રાપ્તિમાં આપ્ત ગણાય. સાધુ કોણ ? અને કેવા હોય ? તે વિચારવા યોગ્ય છે. સાધુનાં કપડાં પહેર્યાં, દ્રવ્યલિંગ ધારણ કર્યું, એટલે સાધુ બની ગયા એમ નહિ, પણ આદર્શ સાધુગુણસંપન્ન હોય તે સાધુ, જેનો આત્મા સાધુત્વગુણે ભૂષિત હોય તે સાધુ, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સમ્યક્‌પણે સાધે તે સાધુ, જે આત્મજ્ઞાની ને ખરેખરા આત્મારામી વીતરાગ હોય તે સાધુ, એ વાર્તા સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે. અત્રે આવા ભાવસાધુ જ મુખ્યપણે વિવક્ષિત છે. 'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે,' તેમ જ 'મુનિગણ આતમરામી રે' ઇત્યાદિ **આનંદઘનજી**નાં અન્ય વચનો પણ આ જ સૂચવે છે.

ભાવસાધુનું જ માન્યપણું: નિષ્કષાયતા જ સાધુતાનો માપદંડ

શાસ્ત્રોક્ત સાધુ ગુણ-ભાવથી રહિત એવા દ્રવ્યાચાર્ય-દ્રવ્યસાધુ વગેરે તો ખોટા રૂપિયા જેવા છે. તેને માનવા તે તો કૂડાને રૂડા માનવા જેવું છે અને તે રૂડું નથી, માટે ભાવાચાર્ય-ભાવસાધુ આદિનું જ માન્યપણું શાસ્ત્રકારે સંમત કરેલું છે. આવશ્યકનિર્યુક્તિમાં ધાતુ અને છાપના દૃષ્ટાંતે **શ્રીભદ્રબાહુ સ્વામી**એ અને યોગદૃષ્ટિસમુચ્ચયમાં યોગબીજ પ્રસંગે **શ્રીહરિભદ્રસૂરિ**એ એ જ વાત સ્પષ્ટ કરી છે.[૧] નમસ્કાર મંત્રમાં પણ પંચ પરમેષ્ઠિ મધ્યે જેને ગૌરવભર્યું સ્થાન આપ્યું છે તે મુખ્યપણે યથોક્ત ગુણગણગુરુ ભાવાચાર્ય-ભાવસાધુને અનુલક્ષીને. મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ તો આ અંગે પંચાશક શાસ્ત્રમાં હરિગર્જના

---

૧. "आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं **भावयोगिषु**।" — **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**

"किंविशिष्टेषु ? आह 'भावयोगिषु' न द्रव्याचार्यादिष्वधर्मजलक्षणेषु,
कूटरूपे खल्वकूटबुद्धेरप्यसुन्दरत्वात्।" — **શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયવૃત્તિ**

આ અંગે વિશેષ જિજ્ઞાસુએ આ લેખકે સવિસ્તર વિવેચન ('સુમનોનંદની' બૃહત્ ટીકા) કરેલ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથનું અવલોકન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી છે કે–[૨] 'સાધુને કાલદોષથી હોય તો કવચિત્ અતિ અતિ સૂક્ષ્મ એવો સંજ્વલન કષાયનો ઉદય હોય, બાકી તો કષાય હોય જ નહિ, અને જો હોય તો તે સાધુ જ નથી. કારણ કે સર્વેય અતિચારો સંજ્વલનના ઉદયથી હોય છે, પણ અનંતાનુબંધી આદિ બાર કષાયના ઉદયથી તો સચોડો વ્રતભંગ થતો હોવાથી મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત લાગે છે, અર્થાત્ સાધુપણું જ મૂલથી નષ્ટ થાય છે. તાત્પર્ય કે લગભગ વીતરાગ જેવી–વીતરાગવત્ દશા જેની હોય તે જ સાધુ છે; અને વીતરાગતા—નિષ્કષાયતા એ જ સાધુતાની કસોટી વા માપદંડ છે.'

બાલજીવોની દ્રવ્યલિંગ-પ્રધાન દૃષ્ટિ

આમ સ્પષ્ટ શાસ્ત્રસ્થિતિ છતાં અજ્ઞ બાલજીવોની દૃષ્ટિ તો પ્રાયઃ લિંગ–બાહ્ય વેષ પ્રત્યે હોય છે, એટલે તે તો મુગ્ધ હોઈ ભોળવાઈ જઈ વેષમાં જ સાધુપણું કલ્પે છે, અને બાહ્યત્યાગી–સાધુવેષધારી પણ આત્મજ્ઞાનથી રહિત એવાઓને ગુરુ કરીને થાપે છે, અથવા આ તો અમારા કુલ સંપ્રદાયના આચાર્ય છે, અમારા મા'રાજ છે, એવા મમત્વ ભાવથી પ્રેરાઈને પોતાના કુલગુરુનું મમત્વ–અભિમાન રાખે છે, પણ ભાવયોગી એવા ભાવાચાર્ય, ભાવઉપાધ્યાય, ભાવસાધુનું જ મુખ્યપણે માન્યપણું શાસ્ત્રમાં કહ્યું છે, તે લક્ષમાં રાખતા નથી; તેમ જ બાહ્ય ગ્રંથત્યાગ માત્રથી બાહ્યલિંગ સુંદર છે એમ નથી. કારણ કે કંચુક માત્ર ત્યાગથી ભુજંગ નિર્વિષ બનતો નથી, એ વસ્તુસ્થિતિનો પણ વિચાર કરતા નથી.

"बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥
बाह्यं लिङ्गमसारं, तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कार्यवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥
बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।
कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥" — **શ્રીહરિભદ્રસૂરિકૃત ષોડશક**

"ફૂટ લિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ;
નિદ્ધંધસ જાણીને નમતાં, તિમ જ કહ્યો તસ પોષ... રે જિનજી!"
— **શ્રી યશોવિજયજીકૃત સા. ત્ર. ગાથાસ્તવન**

સાચા સાધુ, ભાવ મુનિ, ભિક્ષુ, યતિ, શ્રમણ કોણ?

પણ પ્રાજ્ઞ જન તો આગમતત્ત્વનો વિચાર કરે છે; અર્થાત્ આગમાનુસાર, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યથાસૂત્ર આચરણરૂપ તાત્ત્વિક સાધુત્વ છે કે કેમ તેની સમીક્ષા કરે છે, અને જેનામાં યથોક્ત આદર્શ નિર્ગ્રંથ શ્રમણપણું દશ્ય થાય તેનો જ સાચા સાધુપણે સ્વીકાર કરે છે. કારણ તે વિચારે છે કે — સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રમય શુદ્ધ મોક્ષમાર્ગની જે નિરંતર નિર્મળ સાધના કરતો હોય તે જ સાચો સાધુ છે, બાકી તો વેષધારી છે; જે શુદ્ધ આત્મસ્વરૂપને જાણતો હોય, અનુભવતો હોય, જે આત્મારામી હોય તે જ ભાવમુનિ છે, બાકી તો નામમુનિ છે; જે દેહયાત્રા માત્ર નિર્દોષ વૃત્તિ કરી અપ્રમાદપણે નિર્ગ્રંથ જીવન પાળે છે તે જ ભિક્ષુ છે, બાકી તો પૌરુષઘ્ની–બલહરણી

---

૨. "चरिमाण वि तह णेयं संजलणकसायसंगमं चेव ।
माइट्ठाणं पायं असइं पि हु कालदोसेण ॥
सव्वेविय अइयारा संजलणाणं तु उदयओ होंति ।
मूलछेज्जं पुण होइ बारसण्हं कसायाणं ॥" — **શ્રી હરિભદ્રસૂરિકૃત પંચાશક**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિક્ષા ભક્ષનારા પ્રમાદીઓ છે; જે રાગાદિ દોષથી શુદ્ધ આત્મસ્વરૂપનો ઘાત ન થાય—હિંસા ન થાય એમ ભાવ અહિંસકપણે યતનાપૂર્વક વર્તે છે અને દ્રવ્યથી પણ કોઈ પણ જીવની કંઈ પણ હિંસા ન થાય એવી જયણા રાખે છે તે યતિ છે, બાકી તો વેષવિડંબક છે;[3] જે શુદ્ધ આત્મતત્ત્વનો જ્ઞાતા છે, જે શુદ્ધ આત્મસ્વરૂપમાં સંયમનથી અને પ્રતપનથી સંયમ–તપ સંયુક્ત છે, જેનો રાગ ચાલ્યો ગયો છે, જે વીતરાગ છે, જે સુખ–દુઃખ પ્રત્યે સમવૃત્તિવાળો છે એવો શુદ્ધોપયોગરૂપ આત્મા તે જ શ્રમણ છે, બાકી તો નામશ્રમણ છે, દ્રવ્યલિંગી છે.

"सुविदिदपदत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो ।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगोत्ति ॥" —**મહર્ષિ કુંદકુંદાચાર્યજીકૃત પ્રવચનસાર**

"થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં થોડા;
તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલપ–બહુ મોડા... રે જિનજી ।
વિનતડી અવધારો." — **શ્રી યશોવિજયજી**

આમ જે વિચક્ષણ પ્રાજ્ઞજનો વિચારે છે તે તો ભાવવિહીન દ્રવ્યલિંગને પ્રાયઃ કંઈ પણ વજૂદ આપતા નથી; તેઓ તો મુખ્યપણે ભાવ–આત્મપરિણામ પ્રત્યે જ દૃષ્ટિ કરે છે, ભાવિતાત્મા એવા ભાવલિંગીને જ મહત્ત્વ આપે છે; દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ આદિ આત્મભાવના પ્રગટપણાના અને નિષ્કષાયપણાના અવિસંવાદી માપ ઉપરથી મૂલ્યાંકન કરે છે; સાચા નગદ રૂપિયાને જ સ્વીકારે છે. કારણ કે તે સારી પેઠે જાણે છે કે–ધાતુ ખોટી અને છાપ ખોટી, અથવા ધાતુ ખોટી અને છાપ સાચી, એ બે પ્રકાર કલઈના રૂપિયા જેવા બનાવટી (Counterfeit) મૂલ્યહીન દ્રવ્યલિંગી સાધુઓના છે, તે તો સર્વથા અમાન્ય–અસ્વીકાર્ય છે; અને ધાતુ સાચી પણ છાપ ખોટી, અથવા ધાતુ સાચી અને છાપ પણ સાચી, એ બે પ્રકાર ચાંદીના રૂપિયા જેવા સાચા મૂલ્યવાન ભાવલિંગી સાધુજનોના છે, અને તે જ સર્વથા માન્ય છે. એટલે દ્રવ્યથી તેમ જ ભાવથી જે સાધુ છે, અથવા દ્રવ્યથી નહિ છતાં ભાવથી જે સાધુ છે,–એ બન્ને પ્રકારના **ભાવસાધુને જ** તે માન્ય કરે છે. અમુક પુરુષમાં કેટલો આત્મગુણ પ્રગટયો છે? તે યોગમાર્ગે કેટલો આગળ વધ્યો છે? તે કેવી યોગ દશામાં વર્તે છે? તેનું ગુણસ્થાન કેવું છે? તેની અંદરની મુંડ (કષાય મુંડનરૂપ) મુંડાઈ છે કે નહિ? તેનો આત્મા પરમાર્થે 'સાધુ' 'મુનિ' બન્યો છે કે નહિ? ઇત્યાદિ તે તપાસી જુએ છે. કારણ કે તેના લક્ષણનું તેને બરાબર ભાન છે. તે જાણે છે કે–જે આત્મજ્ઞાની સમદર્શી વીતરાગ પુરુષ હોય, જે પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે સર્વથા ઇચ્છારહિતપણે અપ્રતિબંધ ભાવથી વિચરતા હોય અને પરમશ્રુત એવા જે પુરુષની વાણી કદી પૂર્વે ન સાંભળી હોય એવી અપૂર્વ હોય, તે જ સાચા સદ્‌ગુરુ છે. 'छत्तीस गुणो गुरु मज्झ।' તે જાણે છે કે જે આત્મજ્ઞાની આત્માનુભવી હોય, જે નિરંતર આત્મભાવમાં રમણ કરનારા આત્મારામી હોય, જે વસ્તુનું સ્વરૂપ પ્રકાશનારા હોય,

સાધુગુણભૂષિત ભાવસાધુનું જ માન્યપણું

---

૩. "हीणायारेहिं तह वेसविडंबगेहिं मलिणीकयं तित्थं । ઈ. ૩–૨૯૭
"बाला वयंति एवं वेसो तित्थंकराण एसो वि ।
नमणिज्जो धिद्धी अहो सिरसूलं कस्स पुक्करिमो ॥"
— **મહર્ષિ હરિભદ્રસૂરિકૃત સંબોધ પ્રકરણ ૨–૭૬**

અર્થાત્ — હીનાચારવંતોથી તથા વેષવિડંબકોથી તીર્થ મલિન કરાયેલું છે. ઈ૦ બાલજીવો એમ વદે છે કે આ પણ તીર્થંકરોનો વેષ છે, (માટે) નમન કરવા યોગ્ય છે. ધિક્કાર હો! ધિક્કાર હો! અહો! (આ) શિરશૂલ અમે કોની પાસે પોકારીએ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાની સત્પુરુષોના સનાતન સંપ્રદાયને અનુસરનારા જે સદા અવંચક હોય અને જે સમકિતી પુરુષ સારભૂત એવી સંવર ક્રિયાના આચરનારા હોય, તે જ સાચા શ્રમણ છે, તે જ સાચા સાધુ છે, તે જ સાચા મુનિ છે, તે જ સાચા નિર્ગ્રંથ છે, બાકી તો 'દ્રવ્યલિંગી' વેષધારીઓ છે. આમ તે જાણતા હોઇ મુખ્યપણે તેવા સાચા ભાવયોગીઓને જ, ભાવાચાર્ય આદિને જ તે માને છે, તેમનાં આદર–ભક્તિ કરે છે.

"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે...વાસુપૂજ્ય.
આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે...શાંતિ જિન."

— શ્રી આનંદઘનજી

* * * *

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય."
આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુલગુરુ કલ્પના, આત્માર્થી નહીં જોય."

— શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ

* * * *

"जं संमंति पासह, तं मोणंति पासह।" — શ્રી આચારાંગ સૂત્ર

* * * *

"કારજ સિદ્ધ ભયો તિનકો જિણે,
અંતર મુંડ મુંડાય લિયા રે." — શ્રી ચિદાનંદજી

* * * *

"ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમ ભાવે;
ભવસાયર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવે...ધન્ય૦
મોહપંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે જે વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા...ધન્ય૦"

— શ્રી યશોવિજયજી

આવા ભાવસાધુને જ મુખ્યપણે લક્ષગત રાખી અત્રે આનંદઘનજીએ 'પાતક ઘાતક' એવા સૂચક શબ્દપ્રયોગ કર્યો છે. 'પાતક ઘાતક' કોણ હોઈ શકે? જેણે પોતે પાપનો ઘાત કર્યો હોય તે જ અન્યના પાપનો ઘાતક હોઈ શકે, પણ પોતાના પાપનો ઘાત નથી કર્યો એવો જે શ્રીઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્રમાં વર્ણવેલ 'પાપશ્રમણ' હોય તે પાતકઘાતક કેમ હોઈ શકે? એટલે એવા પાપશ્રમણની વાત તો ક્યાંય દૂર રહી! જેણે પાપનો ઘાત–નાશ કર્યો છે એવા નિષ્પાપ પુણ્યાત્મા સાધુ, કલ્યાણસંપન્ન પુણ્યમૂર્તિ સાચા સંતપુરુષ જ પાતકઘાતક હોય. આવા સત્પુરુષ દર્શનથી

પાતક ઘાતક સાધુ કેવા હોય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ પાવન[4] 'दर्शनादपि पावनाः' હોય છે, એમના દર્શન કરતાં પણ આત્મા પાવન થઈ જાય એવા તે પરમ પવિત્રાત્મા હોય છે. એમના પવિત્ર આત્મચારિત્રનો કોઈ એવો અદ્‌ભુત મૂક પ્રભાવ પડે છે કે બીજા જીવોને દેખતાં વેંત જ તેની અજબ જાદૂઈ અસર થાય છે. આવા કલ્યાણમૂર્તિ, દર્શનથી પણ પાવન, નિર્દોષ, નિર્વિકાર વીતરાગ એવા જ્ઞાની સત્પુરુષ, એમની સહજ દર્શનમાત્રથી પણ પાવનકારિણી ચમત્કારિક પ્રભાવતાથી સાચા મુમુક્ષુ યોગીઓને શીઘ્ર ઓળખાઈ જાય છે. કારણ કે તેવા મૌન મુનિનું દર્શન પણ હજારો વાગાડંબરી વાચસ્પતિઓનાં લાખો વ્યાખ્યાનો કરતાં અનંતગણો સચોટ બોધ આપે છે. સ્વદેહમાં પણ નિર્મમ એવા આ અવધૂત વીતરાગ મુનિનું સહજ ગુણસ્વરૂપ જ એવું અદ્‌ભુત હોય છે. જેમકે:

"શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન ધ્યાનકે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખ બાનિ પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો;
રાગદ્વેષસેં રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાજચંદ્ર ધૈર્ય પાળ, ધર્મ ઢાલ ક્રોધ કાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો."

— શ્રીમદ્ રાજચંદ્રજી

સૂત્રકૃતાંગમાં વર્ણવેલું નિર્ગ્રંથમુનિનું આદર્શ સ્વરૂપ

શ્રી **સૂત્રકૃતાંગ**ના[5] દ્વિ. શ્રુ. સ્કં. ના ૭૦ મા સૂત્રમાં નિર્ગ્રંથમુનિનું આ પ્રકારે પરમસુંદર હૃદયંગમ વર્ણન કર્યું છે: 'તે અણગાર ભગવંતો ઈર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાનભંડમાત્ર–નિક્ષેપણાસમિત, પારિષ્ઠાપનિકાસમિત, મનસમિત, વચનસમિત, કાયસમિત, મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધ, અમાન, અમાય, અલોભ, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિર્વૃત્ત, અનાશ્રવ, અગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ, કાંસ્યપાત્ર જેવા મુક્તજલ, શંખ જેવા નિરંજન, જીવ જેવા અપ્રતિહતગતિ, ગગનતલ જેવા નિરાલંબન, વાયુ જેવા અપ્રતિબંધ, શારદજલ જેવા શુદ્ધહૃદય, પુષ્કરપત્ર જેવા નિરુપલેપ, કૂર્મ જેવા ગુપ્તેંદ્રિય, વિહગ જેવા વિપ્રમુક્ત, ગેંડાના શીંગડા જેવા એકજાત, ભારંડ પક્ષી જેવા અપ્રમત્ત, કુંજર જેવા શૌંડીર (મસ્ત), વૃષભ જેવા સ્થિરસ્થામ, સિંહ જેવા દુર્ધર્ષ, મંદર જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય લેશ્યાવંત, સૂર્ય જેવા દીપ્તતેજ, જાત્યસુવર્ણ જેવા જાતરૂપ, વસુંધરા જેવા સર્વસ્પર્શવિષહ, સુહુત હુતાશન જેવા તેજથી જ્વલંત હોય છે. તે ભગવંતોને ક્યાંય પણ પ્રતિબંધ હોતો નથી.

---

૪. "सद्भिः कल्याणसंपन्नैः दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योगो योगावञ्चक उच्यते ॥" — શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

આ યોગાવંચકઆદિનું સ્વરૂપ સમજવા જુઓ મત્કૃત યોગદૃષ્ટિસમુચ્ચય વિવેચન.

૫. "से जहा णामए अणगारा भगवंतो इरियासमिया भासासमिया । ૬૦"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ ભાવિતાત્મા સાધુચરિત **શ્રીમદ્ રાજચંદ્રજી** પણ નિર્ગ્રંથ દશાનું તેવું જ હૃદયંગમ શબ્દચિત્ર રજૂ કરતું સ્વસંવેદનમય અપૂર્વ ભાવવાહી દિવ્ય સંગીત લલકારી ગયા છે કે :

"સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત મૂર્છા નવ જોય જો—અપૂર્વ અવસર૦
આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો—અપૂર્વ અવસર૦
સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો—અપૂર્વ અવસર૦
બહુ ઉપસર્ગ કર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહિં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો—અપૂર્વ અવસર૦" ઇત્યાદિ.

— શ્રીમદ્ રાજચંદ્રજી

ભાવલિંગી ભાવસાધુનું જ પ્રાધાન્ય

આવા પરમ નિર્દોષ, પરમ નિર્વિકાર, વીતરાગ જ્ઞાની પવિત્ર પુરુષ જે કોઈ હોય તે જ બાહ્યાભ્યંતર ગ્રંથથી રહિત સાચા ભાવનિર્ગ્રંથ છે, તે જ શાસ્ત્રોક્ત સકલ સાધુગુણથી શોભતા સાધુચરિત સાચા સત્પુરુષ છે, તે જ આત્માના પ્રત્યક્ષ પ્રગટ સતસ્વરૂપને પ્રાપ્ત થયેલા સાચા સદ્‌ગુરુ છે, તેજ સર્વ પરભાવ–વિભાવનો સંન્યાસ–ત્યાગ કરનારા આત્મારામી સાચા 'સંન્યાસી'–ધર્મસંન્યાસયોગી છે, તે જ સર્વ પરભાવ–વિભાવ પ્રત્યે અગ્રહણબુદ્ધિરૂપ મૌન ભજનારા સાચા 'મુનિ' છે, તે જ સ્વરૂપવિશ્રાંત શાંતમૂર્તિ સાચા 'સંત' છે, તેજ સહજ આત્મસ્વરૂપ પદનો સાક્ષાત્ યોગ પામેલ સાચા ભાવયોગી છે, તે જ સમભાવભાવિત સાચા ભાવશ્રમણ છે, તે જ યથોક્ત ભાવલિંગસંપન્ન સાચા ભાવસાધુ છે અને તે ભાવલિંગી ભાવસાધુનું જ પ્રાધાન્ય છે. હજારો દ્રવ્યલિંગીઓની જમાત એકઠી થતાં પણ જે જનકલ્યાણ કે શાસનઉદ્યોત નથી કરી શકતી, તે આવો એક ભાવલિંગી સાચો આદર્શ ભાવનિર્ગ્રંથ સહજ સ્વભાવે કરી શકે છે,—જેમ એક જ સૂર્ય કે ચંદ્ર વિશ્વમાં પ્રકાશ રેલાવી શકે છે; હજારો ટમટમતા તારાઓ એકત્રપણે પણ તેમ કરી શકતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org